





# બદલાતી માનસિકતા અને સમાજના ભવિષ્ય અંગે એક ગંભીર જોખમ

તાજેતરના સમયમાં સમાજમાં એવાં કેટલાંક વલણો જોવા મળી રહ્યાં છે, જે માત્ર વ્યક્તિગત જીવનશૈલીનો પ્રશ્ન નથી પરંતુ પરિવાર, સંબંધો અને સામાજિક મૂલ્યોના ભવિષ્ય સાથે જોડાયેલા પ્રશ્નો છે. તેમાંનું એક છે 'વાઈફ સ્વેપિંગ' એટલે દંપતીઓ વચ્ચે જીવનસાથીની અદલાબદલી. કેટલાક લોકો તેને આધુનિકતા, વ્યક્તિગત સ્વતંત્રતા અથવા ખાનગી પસંદગી તરીકે જુએ છે. કેટલાક લોકો તેને જિંદગીમાં બધી મજા લૂંટી લો એટલે 'જિંદગી ન મિલેગી દોબારા' જેવા વિચારોને ઢાલ બનાવે છે. કેટલાક મહાન થઇ ગયેલ ગુરુઓના 'ફ્રી સેક્સ'નાં પ્રવચનો સંભળાવી આવી કુચેષ્ટાઓને યોગ્ય જ નહીં જરૂરી પણ ઠેરવે છે. 'આઝાદી - આઝાદી'ના નારા લગાવનારા અલગ અલગ રીતે સામાજિકીકરણને બદલવા-ડહોળવાના પ્રયાસમાં વ્યક્તિ સ્વાતંત્ર્યના નામે વિકૃત સેક્સની પ્રવૃત્તિઓને વેગ આપે છે.

અહીં પ્રશ્ન એ નથી કે કોઈ વ્યક્તિ પોતાના જીવનમાં શું પસંદ કરે છે. પ્રશ્ન એ છે કે આ પ્રકારની માનસિક્તા કઈ સામાજિક પ્રક્રિયાઓમાંથી જન્મે છે અને લાંબા ગાળે તેનો સમાજ ઉપર શું પ્રભાવ પડે છે, તેવો એક સામાજિક કાર્યકર તરીકે મને પ્રશ્ન ઉદભવે છે. દરેક સમાજની રચના સંબંધોના આધાર ઉપર ઊભી હોય છે. માતા-પુત્ર, પિતા-પુત્રી, ભાઈ-બહેન, મિત્રતા અને પતિ-પત્ની - આ બધા સંબંધો માત્ર જૈવિક કે કાનૂની વ્યવસ્થા નથી. તેઓ વિશ્વાસ, જવાબદારી, સન્માન અને ભાવનાત્મક સુરક્ષાના સ્તંભો છે. જ્યારે સંબંધોનું મૂલ્ય ઘટીને માત્ર શારીરિક આનંદ કે વ્યક્તિગત ઉપભોગ સુધી સીમિત થઈ જાય છે ત્યારે સમાજના મૂળ તંતુઓ નબળા પડવા લાગે છે.

આજનો પ્રશ્ન એક દિવસમાં નથી થયો. દાયકાઓથી મીડિયા, ફિલ્મો, જાહેરાતો અને ડિજિટલ મનોરંજનનાં અનેક સ્વરૂપોએ ધીમે ધીમે એવા નેરેટિવ્સ ઊભા કર્યા છે કે જીવનનો મુખ્ય હેતુ વ્યક્તિગત આનંદ, તાત્કાલિક સંતોષ અને સતત નવી ઉત્તેજના શોધવાનો છે. સ્ત્રી અને પુરુષ બંનેને એકબીજાના માનવતત્ત્વ કરતાં વધુ તેમના શરીર,અને ઉપયોગિતા દ્વારા રજૂ કરવામાં આવે છે. માનસશાસ્ત્રીઓ જણાવે છે કે જ્યારે કોઈ સમાજમાં વ્યક્તિઓને વારંવાર 'વસ્તુ' તરીકે રજૂ કરવામાં આવે છે ત્યારે ધીમે ધીમે સંબંધોમાંથી માનવતા ઓછી થવા લાગે છે. વ્યક્તિ હવે વ્યક્તિ નથી રહેતી; તે અનુભવ, આનંદ અથવા ઉપભોગનું સાધન બની જાય છે. આ પ્રક્રિયાને 'ઓબ્જેક્ટિફિકેશન' કહેવામાં આવે છે. જ્યારે આ માનસિકતા મજબૂત બને છે ત્યારે ૨-૩ વર્ષની બાળકી પર બળાત્કાર, ગુરુ દ્વારા શિષ્યા-ભક્ત સાથે સંભોગ, ગે - લેસ્બિયન સંબંધો, પવિત્ર સંબંધોમાં સેક્સ, બાળકો દ્વારા બાળકો સાથે સેક્સ અને વાઈફ સ્વેપિંગ જેવી વિકૃતિઓ છડેચોક જોવા મળે છે. આવા નેરેટીઝ વ્યક્તિને વ્યક્તિ તરીકે કે અનન્ય સંબંધ તરીકે નહીં, પરંતુ એક વિકલ્પ તરીકે જોવા ધકેલે છે.

**કેસઃ ૧ (૨૦૦૭)**

લલિતાના લગ્નને ૩ વર્ષ થઈ ગયાં હતાં. અઢી વર્ષથી તે પિયરમાં જ રહેતી હતી. તેથી તેના પતિ હીરેને પોલીસ સ્ટેશનમાં પોતાની પત્નીને પાછી લાવવા ફરિયાદ કરેલી. જ્યારે લલિતાને બોલાવીને પૂછવામાં આવ્યું કે, તે તેના સાસરે કેમ જવા નથી માંગતી? તો ચોંકાવનારી વાત સામે આવેલી. લલિતાના કહેવા મુજબ તેના પતિ હીરેન દ્વારા લગ્નના થોડા સમય બાદ જ વિચિત્ર અનુભવ તેને થવા લાગ્યા. લલિતાના સસરા કે જેઠ પૂછ્યા વિના સીધા લલિતાના રૂમમાં આવી જતા. લલિતાને અજુગતું લાગતું પણ તે ચૂપ રહી. તેણે જોયું કે તેનો પતિ હીરેન પણ તેની જેઠાણીના રૂમમાં પૂછ્યા વિના ઘૂસી જતો. થોડા દિવસ બાદ લલિતાને તેના જેઠ દ્વારા અજુગતી છેડછાડ શરૂ થઈ. લલિતાએ તેના પતિને કહેતા હીરેને કાન પર ન ધર્યું. એક દિવસ અચાનક તેના જેઠે રૂમમાં આવી સૂતેલી લલિતાની બાજુમાં લંબાવી દીધું., હવે લલિતા હેબતાઈ ગઈ, દોડતી રૂમની બહાર જઈ જેઠાણી તથા સાસુને જણાવ્યું છતાં બંનેએ સાંભળ્યું ન સાંભળ્યું કર્યું.

રાત્રે હીરેને લલિતાને બળપૂર્વક તેના જેઠ સાથે શારીરિક સંબંધ બાંધવા મજબૂર કરી અને કહ્યું કે આમ જ તેણે તેના સસરા સાથે પણ વર્તવું પડશે. હીરેને તેને કહ્યું કે આપણા ઘરમાં બધાં સંપીને રહે છે. ભાભીનાં ત્રણ સંતાનો છે તે કોનાં છે તે કોઇ નથી જાણતું પણ ત્રણેય આ પરિવારના જ છે. જેમ ભાભી એડજસ્ટ થઈ ગયાં તેમ તું પણ થઇ જશે. લલિતા ખૂબ જ ડરી ગઈ અને થોડા દિવસ બાદ પહેરેલે કપડે પિયર ભાગી ગઈ. પિયર તરફથી પોલીસમાં ફરિયાદ કરવાની કોઈની હિંમત ન થઇ. તેથી તે અઢી વર્ષથી પિયરમાં જ છે. લલિતાની વીતક કથા સાંભળી કાઉન્સેલર વિચારવા લાગ્યા કે આપણે કયા સમયમાં જીવીએ છીએ? આ કેસમાં આમ તો લલિતાના છૂટાછેડા થઈ ગયા પરંતુ આવા કેસ પવિત્ર સંબંધો પર આઘાત સમા બની જાય છે. કદાચ ધીમે ધીમે સમાજ પણ લલિતાની જેઠાણીની માફક બધું સ્વીકારતો થઈ જાય તો આખો સમાજ જ આવો બની જાય તેમાં કોઈ નવાઈ ન રહે.

**કેસ ૨**

અજીત અને અનસૂયાના પ્રેમલગ્નને ૨૦ વર્ષ થયાં હતાં. તેઓને એક પુત્ર અને એક પુત્રી હતાં. અજીતને તેની પ્રથમ પત્નીથી પણ બે સંતાનો હતાં. અજીતે બંને પત્નીઓ તથા સંતાનોને અલગ અલગ ઘર આપી સાચવી લીધાં હતાં. અજીતનું મિત્રવર્તુળ રંગીન અને શોખીન હતું. વારંવાર પાર્ટીઓ કરતા રહેતા. એક વાર પાર્ટીમાં નશામાં ચકચૂર હતા ત્યારે અજીતના મિત્રે અનસૂયા સાથે બળજબરીથી સંબંધ બાંધ્યો. પછી તો આવું વારંવાર બનવા લાગ્યું. અજીતને પણ જાણ થઈ પણ તેણે આંખ આડા કાન કરી સ્વીકારી લીધું પછી તો તે મિત્ર અનસૂયાના ઘરે પણ આવવા લાગ્યો અને અનસૂયા પણ તેને પસંદ કરવા લાગી હતી તેથી આ સંબંધ લાંબો ચાલ્યો. ઘરમાં મોટાં થતાં બાળકોની નજરથી આ છૂપું ન રહ્યું. પુત્ર-પુત્રીને બહાર ભણવા મોકલી દીધાં જ્યાં બંનેએ આવું જ જીવન શરૂ કર્યું.

નશો અને સેક્સમાં ડૂબેલાં સંતાનોને બચાવવા અજીતે પૈસાના જોરે બંનેના લગ્ન કરી દીધા પરંતુ લગ્ન પછી પણ આ અટક્યું નહીં, અનસૂયા જો સંતાનોને સમજાવવા પ્રયત્ન કરતી તો બંને સંતાનો તેને અરીસો બતાવી દેતાં અને માતાના ભૂતકાળ તથા વર્તમાનને પેટ ભરી કોસતાં. થોડા સમયમાં જ નશાના ઓવરડોઝમાં અનસૂયા - અજીતે પુત્રને ગુમાવ્યો અને દીકરી તો સમાજમાં છડે ચોક ખુલ્લેઆમ સ્વછંદી જીવનમાં રત રહેતી. સમાજને પણ શરમ આવે એવાં કપડાં, એવું વર્તન, એવા શોખ, એવા સંબંધો, છતાં આજે પણ અનસૂયા, અજીત, તેની પુત્રી, તેમની જીવનશૈલી તો એ જ છે.

આપણે પ્રામાણિકતાપૂર્વક સ્વીકારવું પડશે કે સમાજની આ સ્થિતિ માટે માત્ર આજની પેઢી જવાબદાર નથી. અગાઉની પેઢીઓએ પણ અનેક ભૂલો કરી હતી. વર્ષો સુધી સ્ત્રીને માત્ર સૌંદર્યના માપદંડોથી આંકવામાં આવી. હાસ્યના નામે પત્ની, સાળી, સાસુ, અથવા સ્ત્રી વિશે અપમાનજનક જોક્સ બનાવવામાં આવ્યા. પુરુષત્વને ઘણી વાર જીત, કબજો અને વાસનાની ભાષામાં વ્યાખ્યાયિત કરવામાં આવ્યું. બીજી તરફ સ્ત્રીઓ ઉપર પણ એવા સામાજિક દબાણ ઊભા કરવામાં આવ્યાં કે તેમનું મૂલ્ય મુખ્યત્વે તેમના દેખાવ-શરીર સાથે જોડાઇ ગયું. આ બંને પ્રવાહોએ મળીને એક એવી સંસ્તૃતિ ઊભી કરી જેમાં સંબંધોની ઊંડાઈ કરતાં તેમની બહારની ચમક વધારે મહત્ત્વની બની ગઇ. આજે કેટલી જગ્યાએ જોવા મળતા વાઈફ સ્વેપિંગ જેવાં વલણો કદાચ આ જ લાંબી પ્રક્રિયાનું અંતિમ અને વધુ સ્પષ્ટ સ્વરૂપ છે.જ્યારે સંબંધોને માત્ર શારીરિક સંતોષ સુધી મર્યાદિત કરવામાં આવે ત્યારે વિશ્વાસ-વફાદારી-પ્રતિબદ્ધતા અને લાગણીશીલ જોડાણ જેવા મૂલ્યોનું મહત્ત્વ ઘટવા લાગે છે. પ્રશ્ન કોઈ વ્યક્તિના ખાનગી જીવનનો નથી. પ્રશ્ન એ છે કે આપણે આવનારી પેઢીને એ શીખવી રહ્યા છીએ કે 'સંબંધોનો આધાર માત્ર આનંદ છે કે પછી વિશ્વાસ અને જવાબદારી પણ એટલી જ જરૂરી છે?'

બાળકો તેમનાં માતા-પિતાના શબ્દોથી ઓછું અને જીવનશૈલીથી વધુ શીખે છે. ઈતિહાસનાં પાનાં ઉથલાવીએ તો એ રસપ્રદ બાબત સ્પષ્ટ દેખાય છે કે દેશ-વિદેશના મહાન પુરુષો અને સ્ત્રીઓએ પોતાની સફળતાનું શ્રેય પોતાની માતાને આપ્યું છે. જેમના કારણે વિશ્વને વૈજ્ઞાનિકો, નેતાઓ, સંતો અને વિચારકો એવા મળ્યા છે, જેમણે પોતાના જીવનનાં મૂલ્યો, સંવેદનાઓ અને ચારિત્ર્યનું મૂળ પોતાની માતાના સંસ્કાર થકી ઉજાગર થયાનું સ્વીકાર્યું.

તેથી જ્યારે આપણે સંબંધોની બદલાતી વ્યાખ્યાઓ અને માત્ર વ્યક્તિગત આનંદ કેન્દ્રિત જીવનશૈલી વિશે ચર્ચા કરીએ છીએ ત્યારે એક મહત્ત્વનો પ્રશ્ન ઊભો થાય છે કે આવનારી પેઢીનાં બાળકો ક્યાં મૂલ્યો અને સંબંધોની સમજણ સાથે મોટાં થશે? બાળકો માત્ર શબ્દોથી નહીં પરંતુ પોતાનાં માતા-પિતાના જીવનમાંથી સંબંધોનો અર્થ શીખે છે. જો તેમના માટે સંબંધોનો આધાર વિશ્વાસ-પ્રતિબદ્ધતા અને જવાબદારી રહેશે, તો તે મૂલ્યો આગળ વધશે પરંતુ જો સંબંધો મુખ્યત્વે ઉપભોગ, ક્ષણિક સંતોષ અથવા વ્યક્તિગત ઈચ્છાઓની પૂર્તિ તરીકે રજૂ થશે તો તેની અસર આગામી પેઢીની માનસિકતા ઉપર પણ પડશે. આ કોઈ એક માતા કે પિતાની ટીકા નથી પરંતુ સમગ્ર સમાજ માટે આત્મચિંતનનો વિષય છે કે આપણે નવી પેઢીને માત્ર સફળ બનવા માટે તૈયાર કરી રહ્યા છીએ કે પછી સારા મનુષ્ય અને જવાબદાર સંબંધો જીવવા માટે તૈયાર કરી રહ્યા છીએ.

**માતા-પુત્ર, પિતા-પુત્રી, ભાઈ-બહેન, મિત્રતા અને પતિ-પત્ની - આ બધા સંબંધો માત્ર જૈવિક કે કાનૂની વ્યવસ્થા નથી. તેઓ વિશ્વાસ, જવાબદારી, સન્માન અને ભાવનાત્મક સુરક્ષાના સ્તંભો છે**



આ સમસ્યાનો ઉકેલ પ્રતિબંધો અથવા નિંદાથી નહીં આવે. ઉકેલ શિક્ષણ, સંવાદ અને આત્મચિંતનથી આવશે.

- ઘરમાં બાળકોને સંબંધોની પવિત્રતા સમજાવવી પડશે.
- મીડિયાએ જવાબદારીપૂર્વક માનવ ગૌરવને કેન્દ્રમાં રાખતી વાર્તાઓ રજૂ કરવી પડશે.
- પુરુષો અને સ્ત્રીઓ બંનેએ પોતાનું અને એકબીજાનું અસ્તિત્વ શરીરની બહાર શોધવું પડશે.
- સૌથી મહત્ત્વની ભૂમિકા સમાજની છે, એટલે કે આપણી. આપણે ફરીથી સમજવું પડશે કે પ્રેમનો અર્થ ઉપભોગ નહીં પરંતુ જવાબદારી છે; સંબંધનો અર્થ અધિકાર નહીં, પરંતુ વિશ્વાસ છે.

-Instagram@gita.shroff